PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૧/ક્વા–૦૪/૧૭–૧૮/ 2962-1 તા. 06-03-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
સગપરીયા ધીરજલાલ બાવજીભાઈ,
C/O, લાઈન મેટલ
કોપર ઈન્ડ. એરીયા, કેલીબર પાછળ
ગામ: કાંગશીયાળી,
તા. લોધીકા,
જી. રાજકોટ
મો: ૯૩૭૭૫ ૫૨૯૫૭

વિષય :–લોડ ઘટાડા નુ રજી. કરાવવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૦–૦૧–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૧/ક્વા–૦૪/૧૭–૧૮)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, ~~લોધીકા~~ પાળ઼ડી,

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૩૧/ક્વા–૦૪/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૮–૦૨–૧૮ | સ્થળ : રાજકોટ |

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: સગપરીયા ધીરજલાલ બાવજીભાઈ, ગામ: કાંગશીયાળી**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, લોધીકા (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)**

**રજુઆત કરનાર :એમ.જે.લાલકીયા – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ**

---

## : હુકમ :

---

**ફરીયાદ : લોડ ઘટાડા નુ રજી. કરાવવા બાબત**

**મુદદા નં.–૧ :** **પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ તેમના ગ્રાહક નં.: ૬૧૯૨૮/૦૦૮૨૧/૬ મા વીજભાર ઘટાડો કરાવેલ છે, જેમા ૦૫ થી ૦૬ માસ થઈ જતા – તાત્કાલીક ઘટાડો કરાવી અને ફીકસચાર્જ ની રકમ જમા આપવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ :** **પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર સગપરીયા ધીરજલાલ બાવજીભાઈ, ગામ: કાંગશીયાળી એ તેમના ગ્રાહક નં.: ૬૧૯૨૮/૦૦૮૨૧/૬ મા વીજભાર ઘટાડો કરાવાની અરજી અન્વયે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – સદર ફરીયાદ અન્વયે અરજદાર ના સદર જોડાણ મા વીજભાર ઘટાડા ની અસર આપતા – ફીકસચાર્જ અન્વયે નિયમાધીન રીતે જમા આપવા પાત્ર રકમ જમા આપવામા આવેલ છે. જેની જાણકારી અરજદાર શ્રી ને કરાતા – તા.૦૯–૦૨–૧૮ ના લેખીત સંમતીપત્ર મુજબ – અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. જે બાબતે પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી ના પત્ર નં.: ૮૨૯ તા.૧૬–૦૨–૧૮ મુજબ – લેખીત મા ફોરમ તેમજ અરજદાર ને જાણકારી અપાયેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ને તેમના ગ્રાહક નં.: ૬૧૯૨૮/૦૦૮૨૧/૬ થી એલ.ટી.એમ.ડી કેટેગરી હેઠળ ૧૦૦ કીવો ના હૈયાત વીજજોડાણ મા – ૧૫ કીવો ના વીજભાર ઘટાડા ની અરજી તા. ૧૧–૦૮–૧૭ ના રોજ કરેલ હોય – પરંતુ, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – સદર વીજભાર ઘટાડા બાબતે તેઓના વીજવપરાશી બીલ મા અસરકર્તા કરેલ ન હોય – જેથી, અરજદાર ને ફીકસચાર્જ ની રકમ નિયમાધીન રીતે જમા આપવા બાબતે રજુઆત કરેલ – ત્યારબાદ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – સદર બાબતે યોગ્ય કાર્યવાહી કરી નિયમાધીન રીતે જમા આપવા પાત્ર રકમ – અરજદાર શ્રી ના બીલીગ ખાતામા જમા આપવામા આવેલ છે. જેની જાણકારી અરજદાર ને કરાતા – પીજીવીસીએલ અને અરજદાર વચ્ચે સમાધાન થયેલ હોય – તેમજ ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થતા – અરજદાર શ્રી એ તા.૦૯–૦૨–૧૮ ના રોજ લેખીત સંમતીપત્ર મા સહી કરી આપેલ છે. |

**મુદ્દા નં.–૪ :**

## હુકમ

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, – અરજદાર શ્રી ના તા.૦૯–૦૨–૧૮ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ – અરજદાર શ્રી ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. આમ, અરજદાર ની અરજી અત્રેના ફોરમ તરફથી દફતરે કરવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.